**રે.દિ.મુ.નં.: ૧૩૨/૨૦૨૦**

## આંક ૧૫ થી રજુ અરજી લગત હુકમ

---

**(૧)** પ્રતિવાદી તર્ફે હાલની અરજી દિવાની કાર્યવાહી ધારાના ઓર્ડર ૭ રૂલ ૧૧ અન્વયે રજુ કરી હાલની અરજીમાં જણાવેલ કારણોસર વાદીની દાવા અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૨)** પ્રતિવાદી તર્ફે રજુ થયેલ હાલની અરજી વંચાણે લીધી. પુનરાવર્તન ટાળવાના હેતુથી હાલની અરજીના તમામ કથનો પુનઃ અહી લખવામાં આવેલ નથી. પ્રતિવાદીએ હાલની અરજીમાં દાવા અરજી રદ કરવા માટે મુખ્યત્વે જણાવેલ છે કે, દાવાવાળી મિલકતના માલીક તરીકે તેમના ગુજરનાર પુત્ર પ્રશાંત છે. વાદીએ હાલનો દાવો ગુજરનારના માતા પિતા હોવાનુ જણાવી હિંદુ વારસાધારાના શીડયુલ 'અ' માં તેમનો સમાવેશ થાય છે. તેવા પ્લીડીગ સાથે કરેલ છે. હિંદું સકસેશન એકટની કલમ ૮ ના શીડયુલ મુજબ કલાસ ૧ માં પિતાજીનો સમાવેશ થતો નથી અને પત્નીનો થાય છે. આમ, વાદી નં. ૧ નો આ મિલકતમાં કોઇ હક્ક નથી. વાદી નં. ૨ ગુજરનારના સગા માતા નથી. ઓરમાન માતા છે. તેથી તેઓને પણ ગુજરનારની મિલકતમાંથી વારસાઇ રૂએ હક્ક મળવાપાત્ર નથી. જેથી વાદીઓને દાવાનુ કોઇ કારણ ઉપસ્થીત થયેલ ન હોય દાવા અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૩)** હાલની અરજી સામે વાદી પક્ષે આંક ૧૪ થી લેખીત જવાબ રજુ કરેલ છે. સદર લેખીત જવાબની વિગતો ઘ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર લેખીત જવાબના તમામ કથનો પુનઃ અહી લખવામાં આવેલ નથી. વાદીએ તેઓના લેખીત જવાબમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના વાદી ઘ્વારા સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧(સી) હેઠળ અરજી આપેલ હોય પંરતુ આ કામે વાદી ઘ્વારા કાયદા મુજબ તમામ કોર્ટ ફી ભરપાઇ કરેલ હોય અને કોર્ટ ફી નાકારણ સબબ દાવો રદ નન થઇ શકે અને ખુટતી કોર્ટ ફી ભરવા અરજરાને જાણ કરવી અને અરજદારને કોર્ટ

ફી ભરવા સમય આપવો જોઇએ અને કોર્ટ ફીનો મુદો ફેનમ કરવાો જોઇએ. આ કામમાં ગુજરનાર પુત્રની મિલકતમાં મા બાપના હક્ક, હિત, હિસ્સા સંબધે દાવો હોય જેથી હાલના તબક્કે પુરાવો લીધા સિવાય આ મુદો ડિસાઇડ થઇ શકે તેમ નથી. વાદીની દાવા અરજી ઉપરથી દાવાનુ કારણ ઉત્પન્ન થતુ હોવાનુ જણાય આવે તો પછી તે કકારણ ખરૂ કે ખોટુ હોવાનુ પણ આ અરજીનો નિર્ણય થઇ શકે નહી. જેથી હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૪)** હાલની અરજી પરત્વે પ્રતિવાદીના વિ.વ.શ્રી. પોતે હાજર થઇ કોઇ મૌખીક દલીલો કરવામાં આવેલ નથી અને આંક ૧૬ થી રજુ થયેલ લેખીત દલીલો પર આધાર રાખેલ છે.. દાવાનુ રેકોર્ડ લક્ષે લેતા દાવાના કામે પ્રતિવાદી તર્ફે આંક ૧૬ થી લેખીત દલીલો રજુ થયેલ છે. જે લેખિત દલીલો ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર લેખિત દલીલોના તમામ કથનો પુનઃ અહી લખવામાં આવેલ નથી.

**(૫)** વાદી પક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રી. મુદત તારીખે હાજર રહેલ છે. વાદી પક્ષ તર્ફે હાલના દાવાના કામે આંક ૨૧ થી લેખીત દલીલો રજુ થયેલ છે. વાદીના વિ.વ.શ્રી. ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ તેઓ તેમની લેખિત દલીલો પર આધાર રાખતા હોવાનુ જાહેર કરેલ છે. સદર આંક ૨૧ થી રજુ થયેલ લેખિત દલીલો ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર લેખિત દલીલોના તમામ કથનો પુનઃ અહી લખવામાં આવેલ નથી.

**(૬)** ઉભય પક્ષકારોની રજુઆતો લક્ષે લીધી તથા તમામ કેસ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. હાલની અરજીના નિર્ણય સારુ સોપ્રથમ દિવાની કાર્યરીતી સંહિતાની ઓર્ડર ૭ રૂલ ૧૧ ના કાયદાના પ્રબંધો ધ્યાને લેવા જુરૂરી બને છે.

**<u>દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧</u> :-**

(એ) દાવા અરજીમાં દાવાનુ કારણ જણાવવામાં આવેલ ન હોય.

(બી) જયારે દાદની કિમંત ઓછી આંકવામાં આવેલ હોય

(સી) જયારે દાદની કિમંત બરાબર આંકવામાં આવી હોય, પંરતુ દાવો ઓછા સ્ટેમ્પ પેપર

પર લખવામાં આવેલ હોય અને અદાલતે વાદીને નિયત સમયમાં જરૂરી સ્ટેમ્પ પેપર પુરો પાડવા જણાવેલ હોવા છતાં વાદી તેમ કરવામાં નિષ્ફળ જાય.

(ડી) દાવા અરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે, કોઇ કાયદાથી દાવો ચલાવવાનો બાધ આવે છે.

(ઇ) જયારે દાવા અરજી બે નકલમાં રજુ કરવામાં આવેલ ન હોય.

(એફ) જયારે વાદી ઓ. ૯ રૂ. ૨ અને ૩ ની જોગવાઇઓનુ પાલન કરવામાં નિષ્ફળ જાય ........... તો દાવા અરજી ના-મંજુર કરવી જોઇશે.

**(૬.૧)** દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧ ના પ્રબંધો વંચાણે લેવામાં આવે તથા વિવિધ કેસ ચુકાદાઓમાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લેવામાં આવે તો દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય દાવાના કોઇપણ તબકકે થઇ શકે છે. દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની અરજીનો નિર્ણય કરતી સમયે વાદી પક્ષ ધ્વારા તેમની દાવા અરજીમાં કરવામાં આવેલ પક્ષ નિવેદન જ ધ્યાને લેવાના હોય છે. દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો વિચારણા કરતી વખતે કાર્ટે દાવા અરજીમાં કરવામાં આવેલ દરેક નિવેદન ( Averment ) નુ વિશ્લેષણ કરવુ જોઇએ. સદર પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લઇ હાલની અરજી તે પરિપ્રેશ્યમાં કેટલે અંશે આવે છે તે જોઇશું.

**(૭)** આંક ૦૧ થી રજુ દાવા અરજી વંચાણે લેતા વાદીઓએ કથન કરેલ છે કે, વાદીઓ ગુજરનાર પ્રશાંત ભુપેશ શાહના માતા - પિતા થાય છે. પ્રતિવાદી ગુજરનાર પ્રશાંત ભુપેશ શાહના પત્ની થાય છે. પ્રશાંત ભુપેશ શાહનુ તા.૦૩/૧૧/૨૦૧૯ ના રોજ અવશાન થયેલ છે. ગુજરાત રાજયનાં જામનગર જીલ્લાના, રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ જામનગરના શહેર જામનગરની મહાનગર પાલીકાની હદમાં, ડી.કે.વી. કોલેજની સામે, ગુરૂદતાત્રેય મંદીર પાસે, આવેલ સીટી સર્વે મુખ્ય ભાગ ‘જી’ ના શીટ નં. ૧ ના ર્વે નં. ૪ પૈકીની જગ્યામાં જામપુરી એસ્ટેટના પ્લોટ નં. ૫ વાળી જગ્યા જેના હક્કચોકસી થતા સર્વે ઓફીસ વધારાના વિસ્તારના વોર્ડ નં. ૧૦ ના શીટ નં. ૧૮૦ માં સર્વે નં. ૫૫૮૭ આપવામાં આવેલ છે. જેના ઉપર ધોરણસરની બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ફલેટ નં. ૧૦૨

જેનુ ક્ષેત્રફળ ૮૧.૨૪ ચો.મી. થાય છે તથા અરહીત રેસીડન્સીના કોમન એરીયા માહે મળતા વરાહે પડતા હિસ્સાનુ ક્ષેત્રફળ ૪૫.૬૭ મળી જેનુ સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૨૯.૧૩ ચો.મી. થાય છે. જેનો જામનગર મહાપાલીકાના દફતરે એસીસી નં. ૦૪/૦૩૯૧૦/૦૦૦૦૧/૦૦૧ થી નોધાયેલ છે. **(ઉપરોકત વર્ણન કરવામાં આવેલ મિલકતને હવે પછી આ હુકમમાં સરળતા ખાતર દાવાવાળી મિલકત તરીકે સંબોધન કરવામાં આવેલ છે)** વાદી નં. ૧ ના માતા પિતા એ દાવાવાળી મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. વાદી નં. ૧ ના માતા ઇન્દુમતીબેન જશંવતલાલ શાહનુ તા.૦૭/૦૪/૨૦૧૩ ના રોજ અવશાન થયેલ છે. વાદી નં. ૧ ના પિતા જશંવતલાલ લીલાધરનુ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ અવશાન થયેલ છે. વાદીઓના પુત્ર પ્રશાંત ભુપેશ શાહનું તા.૦૩/૧૧/૨૦૧૯ ના રોજ અવશાન થયેલ છે. વાદી નં. ૧ ના પિતાજી ધ્વારા વાદીઓના પુત્ર પ્રશાંત શાહ જોગ રજી. બક્ષીસ પત્ર રજી. નં. ૨૨૭૬, તા.૦૧/૦૩/૨૦૧૧ ના રોજ બક્ષીસ કરી આપેલ છે. વાદીઓનો ગુજરનારના પુત્ર દરજજે હિદું વારસાધારાની જોગવાઇ અનુસાર દાવાવાળી મિલકતમાં ૨/૩ હિસ્સો સમાયેલ છે. વાદીઓ દાવાવાળી મિલકતમાં રહેણાંક કરતા હોય વાદીઓનો દાવાવાળી મિલકતમાં કબજો ભોગવટો આવેલ છે. વાદીઓના સહમાલીકીના હિસ્સાને નુકશાન થાય અને વાદીઓના હક્કો જોખમાય તે રીતે પ્રતિવાદીએ એકતરફી કાર્યવાહી ચાલુ કરેલ છે. જેથી વાદીઓને હાલનો દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે.

**(૮)** નિશાની ૩/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૨૭૬/૨૦૧૧ ની નકલ વંચાણે લેતા દાવાવાળી મિલકત વાદી નં. ૧ ના પિતા ઇન્દુમતીબેન જશંવતલાલ શાહ તથા માતા જશંવતલાલ લીલાધર શાહના સંયુકત નામે ખરીદ થયેલ હોવાનુ જણાય છે. નિશાની ૩/૪ થી રજુ મરણપ્રમાણ પત્રની નકલ લક્ષે લેતા વાદી નં. ૧ ના માતા ઇન્દુમતીબેન જશંવતરાયનાઓનુ તા.૦૭/૦૪/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ હોવાનુ જણાય છે. નિશાની ૩/૫ થી રજુ થયેલ મરણપ્રમાણપત્રની નકલ લક્ષે લેતા વાદી નં. ૧ ના પિતા જશંવતલાલ શાહનુ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ ગુજરી ગયેલ હોવાનુ જણાય છે. નિશાની ૩/૮ થી રજુ થયેલ દાવાવાળી મિલકતના સીટી સર્વે કાર્ડની નકલ વંચાણે લેવામાં આવેલ છે. સદર નકલમાં નોધ નં. ૧૨૫૮૧, તા.૨૮/૦૬/૨૦૧૩ વંચાણે લેતા વાદી નં. ૧ ના માતાનુ

અવશાન થતા વારસાઇ નોધ કરવામાં આવેલ હોવાનુ અને દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડમાં જશંવતલાલ લીલાધર શાહ, ભુપેશ જશંવતલાલ શાહ, સ્મિતા જશંવતલાલ શાહના નામો દાખલ થયેલ હોવાનુ જણાય છે. ત્યારબાદ નોધ નં. ૧૨૫૮૨, તા.૨૮/૦૬/૨૦૨૩ વંચાણે લેતા સ્મિતા જશંવતલાલ શાહે સોગંદનામુ કરતા તેમનુ નામ કમી થયેલ છે. ત્યારબાદ નોધ નં. ૧૨૫૮૩, તા.૨૮/૦૬/૨૦૧૩ વંચાણે લેતા ભુપેશ જશંવતલાલ શાહ યાને વાદી નં. ૧ નાઓનુ સોગંદનામુ કરતા તેમનુ નામ કમી થયેલ છે. ત્યારબાદ નોધ નં. ૧૨૫૮૪, તા.૨૮/૦૬/૨૦૧૩ વંચાણે લેતા ભરત જશંવતરાય શાહે સોગંદનામુ કરતા તેમનુ નામ કમી થયેલ હોવાનુ જણાય છે. આમ, ત્યારબાદ દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડમાં એક માત્ર વાદી નં. ૧ ના પિતા જશંવતરાય શાહનુ નામ જ ધારણકર્તામાં રહેલ હોવાનુ જણાય છે. નિશાની ૩/૨ થી રજુ થયેલ બક્ષિસ દસ્તાવેજની નકલ લક્ષે લેતા તથા નોધ નં. ૧૬૬૧૨, તા.૧૮/૦૧/૨૦૧૬ લક્ષે લેતા વાદી નં. ૧ ના પિતા જશંવતરાય શાહે બક્ષિસ દસ્તાવેજથી દાવાવાળી મિલકત વાદીના પુત્ર પ્રશાંત ભુપેશકુમાર શાહેના નામે થયેલ હોવાનુ જણાય છે. નિશાની ૩/૩ થી રજુ મરણપ્રમાણપત્રની નકલ લક્ષે લેતા પ્રશાંત ભુપેશકુમમાર શાહનુ તા.૦૩/૧૧/૨૦૧૯ ના રોજ ગુજરી ગયેલ હોવાનુ જણાય છે.

(૯) હાલની અરજી લક્ષે લેવામાં આવે તો પ્રતિવાદીએ કોર્ટ ફી બાબતે કોઇ તકરાર લીધેલ હોવાનુ જણાતુ નથી. હાલની અરજીમાં પ્રતિવાદીએ કથન કરેલ છે કે, વાદી નં. ૧ ગુજરનાર પ્રશાંતના પિતા હોય તેઓનો કલાસ ૧ માં સમાવેશ થતો નથી અને વાદી નં. ૨ ગુજરનાર પ્રશાંત ભુપેશના સગા માતા નથી જેથી તેમનો કલાસ ૧ માં સમાવેશ થતો નથી. હવે હિુદુ વારસા ધારા, ૧૯૫૬ ની જોગવાઇઓ લક્ષે લેવી જરૂરી બને છે. જે નીચે મુજબ છે.

**<u>Section - 08 of Hindu Succession Act, 1956 :</u>**

General rules of succession in the case of males.—

The property of a male Hindu dying intestate shall devolve according to the provisions of this Chapter:—

(a) firstly, upon the heirs, being the relatives specified in class I of the Schedule;

(b) secondly, if there is no heir of class I, then upon the heirs, being the relatives specified in class II of the Schedule;
(c) thirdly, if there is no heir of any of the two classes, then upon the agnates of the deceased; and
(d) lastly, if there is no agnate, then upon the cognates of the deceased.

**Section - 09 of Hindu Succession Act, 1956 :**

Order of succession among heirs in the Schedule.—Among the heirs specified in the Schedule, those in class I shall take simultaneously and to the exclusion of all other heirs; those in the first entry in class II shall be preferred to those in the second entry; those in the second entry shall be preferred to those in the third entry; and so on in succession.

**Section - 11 of Hindu Succession Act, 1956 :**

Distribution of property among heirs in class II of the Schedule.—The property of an intestate shall be divided between the heirs specified in any one entry in class II of the Schedule so that they, share equally.

THE SCHEDULE

(See section 8)

HEIRS IN CLASS I AND C LASS II

Class I

Son; daughter; **widow; mother;** son of a pre-deceased son; daughter of a pre-deceased son; son of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter; widow of a pre-deceased son; son of a pre-deceased son of a pre-deceased son; daughter of a pre-deceased son of a pre-deceased son; widow of a pre-deceased son of a pre-deceased son 1 [son of a predeceased daughter of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter of a pre-deceased daughter; daughter of a pre-deceased son of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter of a pre-deceased son].

Class II

I. Father.

II. (1) Son’s daughter’s son, (2) son’s daughter’s daughter, (3) brother, (4) sister.

III. (1) Daughter’s son’s son, (2) daughter’s son’s daughter, (3) daughter’s daughter’s son, (4) daughter’s daughter’s daughter.

IV. (1) Brother’s son, (2) sister’s son, (3) brother’s daughter, (4) sister’s daughter.

V. Father’s father; father’s mother.

VI. Father’s widow; brother’s widow.

VII. Father’s brother; father’s sister.

VIII. Mother’s father; mother’s mother.

IX. Mother’s brother; mother’s sister.

Explanation.—In this Schedule, references to a brother or sister do not include references to a brother or sister by uterine blood.

**(૯.૧.)** પ્રતિવાદી પક્ષ તર્ફે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Indiraben Versus Narayanbhai Jugabhai Rabariના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1991 (0) AIJEL-HC 205086 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદા પર આધાર રાખેલ છે. સદર કેસ ચુકાદાની વિગત માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Under the Hindu Succession Act, the only heirs to a Hindu deceased dying intestate are mother, widow and sons and daughters of the deceased. These are Class I heirs. All of them take simultaneous and equal share under Sees. 8 and 10 read with Class I of the Schedule. આમ, ઉપરોકત કાયદાની જોગવાઇઓ લક્ષે લેતા હિંદું પુરૂષ વસીયત વિના અવશાન પામેલ હોય તો હિંદુ ગુજરનાર પુરૂષની મિલકત કલાસ - ૧ ના વારસોને મળે છે અને કલાસ ૧ માં ગુજરનારના પિતાનો સમાવેશ થતો ન હોવાનુ સ્પષ્ટ જણાય છે. ગુજરનારના પિતાનો કલાસ ૨ માં સમાવેશ થયેલ છે પંરતુ જયાં સુધી કલાસ ૧ ના વારસો હોય ત્યાં સુધી કલાસ ૨ ના વારસોને ગુજરનારની મિલકત મળી શકે નહી. હવે કલાસ ૧ ના વારસોમાં ‘‘માતા’’ નો સમાવેશ થયેલ હોવાનુ જણાય છે. આ કામના પ્રતિવાદીની

અરજીમાં કરવામાં આવેલ કથન અનુસાર વાદી નં. ૨ ગુજરનાર પ્રશાંતના બાયોલોજીકલ માતા નથી અને સાવકી માતા છે. વાદીની દાવા અરજી વંચાણે લેતા તથા હાલની અરજી સામે રજુ થયેલ જવાબ લક્ષે લેતા તથા વાદીની લેખિત દલીલો લક્ષે લેતા વાદી નં. ૨ ગુજરનાર પ્રશાંતની સાવકી માતા હોય તેવુ સ્પષ્ટ કથન કરેલ નથી. પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લેતા દિવાની કાર્યવાહી ધારાના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીના નિર્ણય કરતી વખતે વાદીની દાવા અરજી તથા વાદી પક્ષે રજુ થયેલ દસ્તાવેજો લક્ષે લેવાના રહે છે. પ્રતિવાદી પક્ષે લેવામાં આવેલ બચાવ કે પ્રતિવાદીનો જવાબ વંચાણે લઇ શકાય નહી. જો કોઇ હકીકત વાદીના જ્ઞાનમાં હોય અને કોઇ દસ્તાવેજ વાદી પાસે હોય અને તેના જ્ઞાનમાં હોય અને ઇરાદાપુર્વક દાવા સાથે રજુ કરેલ ન હોય અને પ્રતિવાદીએ સદર દસ્તાવેજ રજુ કરેલ હોય તો સદર દસ્તાવેજ વંચાણે લઇ શકાય કે કેમ તે બાબતે કાયદાકીય પરીસ્થીતી લક્ષે લેવી જરૂરી બને છે.

**(૯.૨.)** નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આર.ફર્સ્ટ અપીલ નં. ૧૩૨૯/૨૦૧૯, Rameshchandra Chimanlal Shah v. Maheshbhai Manubhai Patelના કેસમાં આપવામાં આવેલ ચુકાદાના પેરા નં. ૭ માં ઠરાવેલ છે કે, In view of the above factual position, this Court is required to consider as to whether the averments in the plaint justify the exercise of powers under Order 7 rule 11(d) of CPC. The proposition of law that the plaint which would include the document annexed therewith would be the only material to be considered for exercise of powers under the said provisions is well settled. However, in a case where clandestinely the real purport of plaint is maneuvered by clever drafting; by misleading statements, and by suppressing the basic facts, can the plaintiff contend that the averments in the plaint do not justify the exercise of powers under Order 7 rule 11. The rule that the averments in the plaint and the related documents would be the material for consideration under Order 7 rule 11 would not justify the plaintiff to choose the averments suiting his case. The aforesaid rule would only mean that the averments made and which ought to be made and the documents produced and which ought to be produced in justification of the prayer in the suit would be the material for the

above purpose. In other words, a deliberate avoidance of the necessary averments in the plaint and related documents in order to clandestinely alter the true purport of the plaint, would not justify the plaintiff to contend that the powers under Order 7 rule 11(d) were not exercisable, if after consideration of avoided necessary material, the case under said provision would be made out. Therefore, even in cases where the necessary averments are deliberately avoided or misleading statements are made or false suggestions are made, the aforementioned rule for the decision in the applications under Order 7 rule 11 of the CPC would be attracted and it would permissible to trace out the missing statements; false suggestions and avoided statement for the purpose and said provision.

**(૯.૩)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત અનુસાર વાદીની જ્ઞાનમાં હોય તે દસ્તાવેજ ઇરાદાપુર્વક દાવા અરજી સાથે રજુ કરેલ ન હોય અને કલેવર ડ્રાફ્ટીગ કરેલ હોય અને સદર દસ્તાવેજ પ્રતિવાદી પક્ષે રજુ થયેલ હોય તો તે સંજોગોમાં સાચી વિગતો જાણવા ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત લક્ષે લેતા સદર દસ્તાવેજ વંચાણે લઇ શકાય તેમ હોવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**(૯.૪)** હવે સાવકી માતાનો ઉપરોકત ચર્ચા કરી તે શીડયુલમાં કલાસ ૧ માં સમાવેશ થાય છે કે કેમ તે અંગે કાયદાકીય પરીસ્થીતી લક્ષે લેવી જરૂરી બને છે. નામદાર બોમ્બે હાઇકોર્ટ (ઔરંગાબાંદ બેચ) ધ્વારા WRIT PETITION NO. 15489 OF 2019, Sunita wd/o Rameshrao Garajkar v/s Shravan s/o Sarang Garajkar, ના કેસમાં તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં ઠરાવેલ છે કે,

8. Independently, since words "mother" and "father's widow" have been consciously and separately inserted in Class-I and Class-II of the Schedule to the Hindu Succession Act 1956, one can easily comprehend that these two are separate and distinct entities. A conjoint reading of the provisions of the Hindu Succession Act would explicitly reveal that as far as the properties left behind by a male Hindu, as far as devolution of interest in a coparcenary property is concerned it would be governed by Section 6 and a

step mother being a widow of the deceased father, she may be able to lay a claim in the capacity of a widow falling in Class-I. However, so far as a devolution of interest in the property of a step-son, by virtue of Section 8, a step mother would only be entitled to lay a claim in her capacity as a 'father's widow' which is an entry in Class II.

9. In view of such a legal position, when for the present it is only a summary scrutiny of the rights in dispute, no fault can be found with the learned District Judge in directing a Succession Certificate to be issued to the respondent Nos 1 and 2. The learned Civil Judge had grossly erred in refusing to issue any certificate when there is no dispute about the fact that the petitioner is the step mother of Sarang and the respondent Nos. 1 and 2 are his son and widow. If he was of the opinion that the petitioner was also entitled to have a Succession Certificate simultaneously with the respondent Nos. 1 and 2 he could have directed a certificate to be issued in the name of all the three, in stead of dismissing the application.

ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત લક્ષે લેતા સાવકી માતાનો કલાસ ૧ માં વર્ણન કરેલ માતામાં સમાવેશ થતો ન હોવાનુ જણાય છે. પ્રતિવાદી પક્ષે તેઓની દલીલોના પાના નં. ૨ પર જે સાઇટેશનો રજુ કરેલ છે તેના કેસ ચુકાદાની નકલ વંચાણે અર્થે રજુ કરેલ નથી. જેથી સદર કેસ ચુકાદા વંચાણે લઇ શકાયેલ નથી. જે સાઇટેશન રજુ કરેલ છે તે સાઇટેશનમાં પક્ષકારના નામ નથી. ઓનલાઇનથી પણ સદર કેસ ચુકાદા શોધી શકાયેલ નથી.

**(૯.૫)** હવે પ્રતિવાદી પક્ષે રજુ થયેલ દસ્તાવેજો પૈકી આંક ૧૨ ના લિષ્ટથી રજુ થયેલ ક્રમ નં. ૩ લક્ષે લેવામાં આવે તો મહેરબાન ભરૂચ મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ જજ સાહેબની કોર્ટમાં દાખલ થયેલ પીટીશનની નકલ રજુ કરેલ છે. સદર પીટીશનમાં વાદી નં. ૨ નાઓનુ નામ છે અને પાલક માતા તરીકે સંબોધન થયેલ છે પંરતુ સદર માત્ર ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે અને સદર ઝેરોક્ષ નકલમાં કોઇ સહી પણ નથી. જયારે પ્રતિવાદી કોઇ કથન કરતા હોય ત્યારે સદર કથનના સમર્થનમાં સબળ આધાર રજુ કરવા જોઇએ. ઉપરોકત ચર્ચા કરી તે દસ્તાવેજમાં કોઇ સહી નથી. જેથી હાલના તબકકે સદર દસ્તાવેજ

પર આધાર રાખવો હિતાવહ જણાતુ નથી. જેથી વાદી નં. ૨ ગુજરનાર પ્રશાંત શાહના સાવકા માતા હોય તેના નિર્ણાયિક તારણ પર પહોચી શકાય તે માટે માની શકાય તેવો કોઇ દસ્તાવેજ હાલના તબક્કે હાલના દાવાના રેકોર્ડ પર નથી અને વાદી નં. ૨ ગુજરનાર પ્રશાત શાહની સાવકી માતા હોવાના માત્ર મૌખીક કથનો રેકોર્ડ પર છે. જેથી સબળ અને માની શકાય તેવા વિગતો/દસ્તાવેજોના અભાવે હાલના તબકકે વાદી નં. ૨ ગુજરનાર પ્રશાંત શાહની સાવકી માતા હોય તે બાબતે કોઇ નિર્ણાયિક તારણ પર આ કોર્ટ પહોચી શકેલ નથી.

**(૧૦)** હવે દાવા અરજી વંચાણે લેવામાં આવે તો દાવાવાળી મિલકતમાં વાદીઓએ પોતાનો કબજો ભોગવટો હોવાનુ કથન કરેલ છે. વાદીઓની દાવા અરજી ના પેરા નં. ૭, ૮, ૯ વંચાણે લેતા વાદીઓએ દાવાવાળી મિલકતમાં આવેલ કબજો ભોગવટાના રક્ષણ માટેના તથા દાવો દાખલ કરવા અંગેના કારણોના કથનો કરેલ છે. હાલના કામે પ્રતિવાદીએ દાવાવાળી મિલકતનો કબજો મેળવવા પ્રતિદાવો કરેલ છે. જેથી દાવાવાળી મિલકતમાં આ કામના વાદીઓનો પ્રત્યક્ષ કબજો ભોગવટો હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવે છે. વાદીઓએ દાવા અરજીના પેરા નં. ૧૧ માં જે દાદો માંગેલ છે તે લક્ષે લેવામાં આવે તો સબ પેરા નં. બી માં ‘‘આ કામના પ્રતિવાદી વાદીઓનો દાવાવાળી મિલકતમાં આવેલ કબજો ડયુ પ્રોસેસ ઓફ લો ફોલોઅણ કર્યા સિવાય કબજો છીનવવા હક્ક કે અધીકાર નથી તેવુ ઠરાવી’’ આપવા અરજ કરેલ છે. આમ, એક સમય એવુ વિચારવામાં આવે કે, વાદીઓ ગ્રજરનાર પ્રશાંત શાહના કલાસ ૧ ના વારસોમાં સમાવેશ થતો નથી તેમ છતાં દાવાવાળી મિલકતમાં વાદીઓએ પોતાનો કબજો હોવાનુ કથન કરેલ હોય અને સદર કબજા પરત્વે વાદીઓએ ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર દાદ માંગેલ હોવાનુ જણાય છે. કાયદાનો પ્રસ્થાપિત થયેલ સિધ્ધાત અનુસાર જો કોઇ ઇસમ કોઇ મિલકતમાં ગેર કાયદેસર કબજો ધરાવતા હોય તો પણ કાયદાની સ્થાપિત પ્રકીયા સિવાય તેમનો કબજો છોડાવી શકાય નહી. જયારે વાદીઓએ હાલના દાવામાં પોતાનો કબજા કાયદાની સ્થાપિત પ્રકીયા સિવાય છોડાવે નહી તેવી દાદ માંગેલ હોય તે દાદ પરત્વે કોઇ કાયદાનો બાધ નડતો હોય તેવુ જણાતુ નથી. જેથી આખી દાવા અરજી નકારી શકાય

તેવા સંજોગો હાલના દાવામાં હોવાનુ જણાતુ નથી.

**(૧૦.૧)** નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Vinod Infra Developers Ltd. Versus Mahaveer Lunia & Ors.ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2025 (0) AIJEL-SC 75402 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

8. The position of law is that rejection of a plaint under Order VII Rule 11 CPC is permissible only when the plaint, on its face and without considering the defence, fails to disclose a cause of action, is barred by any law, is undervalued, or is insufficiently stamped. At this preliminary stage, the court is required to confine its examination strictly to the averments made in the plaint and not venture into the merits or veracity of the claims. If any triable issues arise from the pleadings, the suit cannot be summarily rejected. Keeping in mind this settled principle of law, we proceed to examine whether the High Court was justified in rejecting the plaint under Order VII Rule 11 CPC.

13. In light of the above, we find that the trial court rightly held that the issues are triable and that the application filed under Order VII Rule 11 CPC was without merit. In contrast, the High Court erred in overturning this finding and rejecting the plaint in its entirety.

**(૧૦.૨)** નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Karam Singh Versus Amarjit Singh & Ors.ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2025 (0) AIJEL-SC 76014પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Held that where multiple reliefs are sought in a suit, if any one relief is within the limitation period, the entire plaint cannot be rejected as barred by law under Order 7 Rule 11(d) - plaintiffs had contested validity of will throughout mutation proceedings; thus their claim for possession was not barred.

**(૧૦.3)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત લક્ષે લેતા જો દાવા અરજીમાં વર્ણન કરવામાં આવેલ દાદો પૈકી કોઇ દાદ કે દાવો દાખલ કરવા માટે ઉપસ્થીત

થયેલ વિવદ્ય કારણો પૈકી કોઇ કારણને કોઇ કાયદાનો બાઘ નડતો ન હોય તો દાવાની કાર્યવાહી ચલાવવાની રહે છે અને જે દાદો પરત્વે કોઇ કાયદાનો બાઘ નડતો હોય તે પુરતી અંશતઃ દાવા અરજી રદ થઇ શકે નહી. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર હાલના દાવામાં વાદીઓએ તેમનો કબજો રક્ષિત કરવા દાદ માંગેલ હોય તે સંજોગોમાં સદર દાદ પરત્વે દાવામાં પુરાવો નોઘવો જરૂરી બને છે. આ કામના પ્રતિવાદીએ પણ પ્રતિદાવો કરી દાવાવાળી મિલકતમાં વાદીઓનો કબજો ગેરકાયદેસર ઠરાવવા તથા કબજો મેળવવા દાદ માગેલ છે. જેથી હાલના દાવામાં પુરાવો નોઘવો જરૂરી બને છે.

**(૧૧)** પ્રતિવાદી તર્ફે તેઓની લેખિત દલીલોમાં માત્ર સાઇટેશનો જણાવેલ છે. સદર સાઇટેશનના કેસ ચુકાદાઓની નકલ રજુ કરેલ નથી. અત્રેની કોર્ટે સાઇટેશનના આઘારે હાઇપરલીકમાંથી કેસ ચુકાદાઓ શોઘી સદર કેસ ચુકાદાઓની વિગતો માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પ્રતિવાદી પક્ષે તેઓની લેખીત દલીલોમાં જે કેસ ચુકાદાઓ પર આઘાર રાખેલ છે તે નીચે મુજબના છે.

- નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Kunjan Nair Sivaraman Nair Versus Narayanan Nair કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2004 (0) AIJEL-SC 15114 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The expression "cause of action" has acquired a judicially-settled meaning. In the restricted sense cause of action means the circumstances forming the infraction of the right or the immediate occasion for the action. In the wider sense, it means the necessary conditions for the maintenance of the suit, including not only the infraction of the right, but the infraction coupled with the right itself. Compendiously the expression means every fact which it would be necessary for the plaintiff to prove, if traversed, in order to support his right to the judgment of the Court. Every fact which is necessary to be proved, as distinguished from every piece of evidence which is necessary to prove each fact, comprises in "cause of action".

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા State Of Rajasthan Versus Swaika Properties

કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1985 (0) AIJEL-SC 29605 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The expression 'cause of action' is tersely defined in Mulla's Code of Civil Procedure: The 'cause of action' means every fact which, if traversed, it would be necessary for the plaintiff to prove in order to support his right to a Judgement of the court.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Maharaj Shri Manvendrasinhji Ranjitsinhji Jadeja Versus Rajmata Vijaykunverba Wd/o Late Maharaja Mahendrasinhji કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1998 (0) AIJEL-HC 207149 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Order 7 Rule 11(a) of CPC provides that plaint shall be rejected in case where it does not disclose a cause of action - if something purely illusory has been stated with a view to get out of Order 7 Rule 11 by resorting to clever drafting, it cannot be said that the plaint discloses a cause of action and if a clear right to sue is not shown in the plaint, it is liable to be rejected - Order 7 Rule 11 does not place any restriction or limitation on the exercise of court's power - therefore, plea that powers under Order 7, Rule 11(a) of CPC should not have been exercised after framing of issue cannot be upheld and is rejected.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Chandrakant Kantilal Jhaveri Versus Madhuriben Gautambhai કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2010 (0) AIJEL-HC 224147 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The aforesaid shows that if it is found that the plaint does not disclose the cause of action, the Court has no option but to reject the plaint. But for deciding such aspects of cause of action, the Court should take into consideration the averments made in the plaint for the purpose of deciding the question as to whether the averment made in the plaint discloses the cause of action or not and while doing so, it cannot be said that the Court is precluded from applying the statutory provisions

or case law to the averments made in the plaint. If the assertion made in the plaint is contrary to the statutory law or case law, it cannot be considered as the valid cause of action.

- નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા T.Arivandandam Versus T.V.Satyapal કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1977 (0) AIJEL-SC 31368 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, held, in such cases Trial Court should exercise powers under Or. 7 R. 11 of CPC taking care that grounds mentioned in it are fulfilled.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા Patasibai Versus Ratanlalકેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1990 (0) AIJEL-SC 20838 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Held that the plaint did not disclose any cause of action or raise any triable issue, rendering it liable for rejection under Order 7 Rule 11 - the earlier final decree had become conclusive as it was not challenged further, and thus, the impugned orders affirming maintainability were set aside.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા Dahiben Versus Arvindbhai Kalyanji Bhanusali (Gajra)(D) Thr Lrs કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2020 (0) AIJEL-SC 66338 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The provision of Order VII Rule 11 is mandatory in nature. It states that the plaint "shall" be rejected if any of the grounds specified in clause (a) to (e) are made out. If the Court finds that the plaint does not disclose a cause of action, or that the suit is barred by any law, the Court has no option, but to reject the plaint. "Cause of action" means every fact which would be necessary for the plaintiff to prove, if traversed, in order to support his right to judgment. It consists of a bundle of material facts, which are necessary for the plaintiff to prove in order to entitle him to the reliefs claimed in the suit.

ઉપરોકત ચર્ચા કરી તે તમામ કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે પંરતુ હાલના હાથ પરના દાવાની હકીકત તથા સંજોગો ઉપરોકત વિવિદ્ય પેરાઓમાં ચર્ચા કર્યા અનુસારની વિગતો લક્ષે લેતા અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે. હાલનો દાવો દાખલ કરવા અંગે જે અલગ અલગ કારણો જણાવેલ છે તે પૈકી વાદીઓએ દાવાવાળી મિલકતમાં આવેલ તેઓનો કબજો ભોગવટા પરત્વે જે કારણ જણાવેલ છે અને તે સંર્દભે જે દાદ માંગેલ છે તે દાદ પરત્વે કોઇ કાયદાનો બાદ્ય ઉત્પન્ન થતો હોય તેવુ જણાય આવેલ નથી. પ્રતિવાદીના પ્રતિદાવાની વિગત લક્ષે લેતા પણ દાવાવાળી મિલકતનો કબજો વાદીઓ પાસે હોવાની વિગત પ્રથમદર્શનીય જણાય આવે છે. જેથી હાલના દાવામાં પુરાવો નોધવો જરૂરી જણાય આવે છે અને પ્રતિપાદીત થયેલ સિધ્ધાતો અનુસાર દાવા અરજી સંપુર્ણ નકારી શકાય તેમ ન હોય તે સંજોગોમાં દાવાની કાર્યવાહી આગળ ચલાવવાની રહે છે.

**(૧૧)** વાદી પક્ષ તર્ફે તેઓની દલીલોના સર્મથનમાં નીચે મુજબના કેસ ચુકાદાઓ રજુ કરેલ છે. સદર કેસ ચુકાદોઓની વિગતો માન પુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Beena W/o Kalpeshbhai Amrutlal Lavingia (Soni/chowksi) Versus Kalpeshbhai Amrutlal Lavingia (Soni/chowksi) કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2014 (0) AIJEL-HC 230663 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, averments in plaint is required to be considered while adjudicating application under Rule 11 of Order 7 of the Code and defence of defendant not to be considered without going into merits of the case

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Bhupendrabhai Hasmukhbhai Dalwadi Versus Deceased Savitriben Ganumal Krishnani કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2010 (0) AIJEL-HC 223742 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Court has to look into plaint in its entirety and

assess whether the plaint discloses cause of action and not that plaintiff has any cause of action - plaint cannot be rejected on the basis of defence of defendant or documents produced on record

ઉપરોકત કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. સદર કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત અનુસાર જ આ હુકમમાં ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા તથા દાવા અરજીમાં કરવામાં આવેલ કથનો લક્ષે લેતા તથા દાવાના સંજોગો લક્ષે લેતા વાદી પક્ષને તેમનો પુરાવો રજુ કરવાની તક આપ્યા સિવાય હાલનો દાવો ફગાવી શકાય તેમ ન હોય તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો, હકીકતો તથા કાનુની પ્રબંધો ધ્યાને લેતા હાલની અરજી પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: : <u>હુકમ</u> : :**

**૧.** પ્રતિવાદી પક્ષે હાલની આંક ૧૫ થી રજુ અરજી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**૨.** હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૨૦ માહે નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

જામનગર

તા.૨૦/૧૧/૨૦૨૫

(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સીનયર સીવીલ જજ,
જામનગર
જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭